ડીસાના માલગઢ ગામે ખોરાકી ઝેરની અસરે ૪૨થી વધુ ગાયના મોત

ડીસા, તા.૨૫

ડીસા તાલુકાના માલગઢ ગામે આવેલી રામાંબાપુ ગૌશાળા ખાતે આજે બપોરના સમયે રજકા બાજરીનું લીલું ઘાસ ગાયોને આપવામાં આવ્યું હતું. જો કે આ ઘાસ ખાધા બાદ અનેક ગાયો તરફડવા લાગી હતી અને સંચાલકો રાહત અને પશુ ચિકિત્સકોની મદદ મેળવે તે પહેલાં અંદાજીત ૪૨થી વધુ અબોલ ગાયો મોતને ભેટતા અરેરાટી ફેલાઈ હતી અને આ ઘટનાની જાણ થતા વહીવટી તંત્ર રાહત અને બચાવની કામગીરીમાં દોડતું થયું હતું.

આ ઘટનાની વિગતો જોઈએ તો બનાસકાંઠાના ડીસા તાલુકાના માલગઢ ગામે રામાબાપુ ગૌશાળા આવેલ છે. જેમાં અંદાજીત ૬૦૦થી વધુ ગાયો રાખવામાં આવેલ છે આ ગૌશાળામાં આજે બપોરે અંદાજીત ૩ વાગ્યાના સુમારે નિત્ય કર્મ મુજબ અપાતું લીલું રજકા બાજરીની ઘાસ ગાયોને અપાયું હતું. અને સાંજ સુધીમાં આ ઘાસે પોતાનું પોત પ્રકાશ્યું હતું. ગાયને લીલા ઘાસની ખોરાકી ઝેરની અસર શરુ થઈ ગઈ હતી અને ગાયો તરફડીયા મારવા લાગી હતી. આ અચાનક આવેલી મુસીબતથી ગૌશાળા સંચાલક મંડળને જાણ થતા તે ઘટના સ્થળે પહોંચ્યું હતું અને તે બાદ સમગ્ર બનાસકાંઠામાં સક્રિય રીતે કામ કરતા પશુ ચિકિત્સકોની મદદ માટે રાવ નખાતાં માલગઢ ગામે અનેક પશુ ચિકિત્સકો અબોલ પશુ એવી ગાયોને બચાવવા મેદાને આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા સમગ્ર વહીવટી તંત્ર દોડતું થયું હતું. અને ડીસા મામલતદાર શિવરાજ ગીલ્વા, ડીસા ડીવાયએસપી એચ.એલ. દેસાઈ, નાયબ કલેકટર, ડીસા તાલુકા પી.આઈ. રઘુવીરસિંહ ભદોરિયા અને જીવદયા પ્રેમીઓની અનેકો ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને ગાયોને બચાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ ઘટનામાં ૪૨થી વધુની ગાયોની મોતની પુસ્તિ થયેલ અને અનેક હાલ સારવાર હેઠળ છે. ત્યારે મૃત્યુ આંક વધવાની સંભાવના દેખાઈ રહી છે.આ ખોરાકી ઝેરની અસર તળે સપડાયેલી અન્ય ગાયોને બચાવવા ૨૫થી પણ વધુ પશુ ચિકિત્સકોની ટીમ સાથે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના પશુ ચિકિત્સકો પણ જોડાયા હતા.

આ બાબતે દાંતીવાડા ચિકિત્સાલયના સિનિયર તબીબ બાબુભાઈ બારોટે સહુથી પહેલા ઘટના સ્થળે પહોંચી સારવાર કરી હતી જેમણે જાહેર કરેલ કે સામાન્ય પશુ ઘાસના વાવેતર વખતે કે વાવેતર બાદ તેની પર જંતુનાશક દવાનો છંટકાવ પશુપાલકો કરતા હોય છે અને આવું ઘાસ પશુ આરોગે તો પશુને ખોરાકી ઝેરની અસર થઈ શકે છે. બીજી તરફ આ મામલે તંત્ર ઘટના સ્થળેથી આ કારણ જાણવા મળી આવેલ બનાવમાં મૃત્યુ પામેલા ઘાસ અને ગૌશાળામાં મોકલવાની તજવીજ હાથ લઈ એફ.એસ.એલ. અર્થે

પશુના મોતનું ચોકકસ અપાતા પાણીનાં સેમ્પલ ધરાયેલ છે.

સાબરકાંઠાના વિકલાંગોનો પ્રવાસ યોજાયો

મુલોજ, તા. ૨૫

શારિરીક રીતે અશક્ત એવા વિકલાંગો પણ ધાર્મિક યાત્રા પ્રવાસનો આનંદ લઈ શકે. તથા કુદરતને માણી શકે તેવા શુભ આશયથી જિલ્લાની વિકલાંગ કલ્યાણ સંસ્થા સાબરકાંઠા ફીઝીકલી હેન્ડીકેપ વેલફર મંડળ દ્વારા અરવલ્લી તથા સાબરકાંઠાના વિકલાંગોનો બે દિવસીય પ્રવાસ યોજાયો હતો. જેમાં કરસનભાઈ પટેલ તથા પ્રકાશ જોષીના સહયોગથી આયોજીત પ્રવાસમાં ૩૫ વિકલાંગો જોડાયા હતા. તમામ વિકલાંગોએ નાના અંબાજી, મોટા અંબાજી, ગબ્બર દર્શન તથા ચૂંદડીવાળા માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. અંબાજી મંદિર વહીવટદાર બ્રહ્મભટ્ટ તરફથી તમામ વિકલાંગોને પ્રસાદની ભેટ અપાઈ હતી. આ સમગ્ર પ્રવાસ કાર્યક્રમનું આયોજન સાબરકાંઠા ફીઝીકલી હેન્ડીકેપ વેલ્ફર મંડળ બુટાલ સંસ્થાના વિનોદભાઈ પટેલ, જીગ્નેશ ભટ્ટ તથા રાફીલદાદુ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મોડાસામાં મતદાર જાગૃતિ રેલી

આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને મતદારોને જાગૃત કરવા જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લાના શિક્ષણાધિકારી મદદનીશ ચૂંટણી અધિકારી જગોડા, ડૉ. સંતોષ દેવકર, આર.સી. મહેતાની રાહબરી હેઠળ વિવિધ શાળાઓ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ઢોલ-નગારા સાથે બેનરો લઈ મતદાન જાગૃતિ વિશે માહિતી આપી હતી. (તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

ખેડબ્રહ્મા શહેરના સિવિલ રોડ ઉપર હાલમાં ગટર લાઈનનું કામકાજ ચાલુ છે. જેમાં શુક્રવારના રોજ એક કાર ચાલક પોતાની કાર લઈ ઉતરી પડયો હતો. ભર બપોરે ફસાયેલ કારના કારણે તેને બહાર કાઢવા માટે કાર માલિક પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. ખેડબ્રહ્મા શહેરના વેપારીઓ દ્વારા ફરિયાદ ઉઠવા પામી છે કે ગટરનું ખોદકામ કરી યોગ્ય પુરાણ ન કરતાં વારંવાર વાહનો ફસાઈ જવાના બનાવો બને છે જેને લઈ લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. (તસવીર : રમેશ વૈષ્ણવ)

સાંસદ શંભુપ્રસાદ ટુંડીયા બનાસકાંઠાના ચુંટણી પ્રવાસે

પાલનપુર, તા.૨૫

રાજયસભાના સભ્ય શંભુ પ્રસાદ ટુંડીયા આજે બનાસકાંઠાના વિવિધ વિસ્તારોમાં ભાજપના ઉમેદવાર માટે પ્રચાર કરી વોટ માંગશે.

રાજયસભાના સાંસદ અને ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ શંભુપ્રસાદ ટુંડીયા આજે શનિવારના રોજ બનાસકાંઠા જિલ્લામાં અલગ અલગ જગ્યાએ સભાઓને સંબોધશે. તેઓ વાવ, થરાદ, ધાનેરા, નાંદોત્રા, પાલનપુર શહેરમાં કંથેરીયા હનુમાન મંદિર સામે જાહેર સભાને સંબોધશે એમ મીડીયા કન્વીનરે જણાવ્યું છે.

મતદારોએ મતદાન મથકમાં 'શુ કરવું' અને 'શુ ન કરવું'

મતદારો નૈતિક મૂલ્યો સાથે તેમના મતાધિકારનો ઉપયોગ કરે એ અત્યંત આવશ્યક છે. કોઈ પણ પ્રકારના લોભ લાલચ કે શેહ-શરમમાં આવ્યા વગર નિર્ભયતાથી મતદાન કરવું એ પ્રત્યેક મતદારની નૈતિક ફરજ છે. મતદારોએ મતદાન આપવા જતી વખતે મતદાન મથકમાં શું કરવું અને શું ન કરવું આની સમજ મતદારોને હોવી જોઈએ એ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી છે. મતદાર મતદાન મથકમાં નીચે મુજબ વર્તણૂંક કરી શકે.

- જે મતદારોનું નામ મતદાન મથક પરની મતદાર યાદીમાં નોંધાયેલ હશે તેઓ જ માત્ર મતદાન મથકમાં પ્રવેશી શકશે.
- મતદાન મથકની મતદાર યાદીમાં જે મતદાર નોંધાયેલ હશે, તેઓને ફોટા વોટર સ્લીપ મળેલ ન હોય તો જ તે મતદાર મતદાર મથકની બહાર આવેલ મતદાર સહાયતા બુથ ઉપરથી સ્લીપ મેળવી શકશે.
- મતદાન મથકની મતદાર યાદીમાં મતદારનું નામ કયા ક્રમ, નંબર ઉપર નોંધાયેલ છે તે શોધવા માટે મતદાર સહાયતા બુથ પર બીએલઓ પાસે રાખવામાં આવેલ કક્કાવારી મતદાર યાદી પરથી શોધી શકાશે.
- ધાત્રી માતા તેમના બાળકને સાથે મતદાન મથકની અંદર લઈ જઈ શકશે.
- અશક્ત, વિકલાંગ, બિમાર મતદારને મતદાન મથક, મતકુટિર સુધી પહોંચાડવા માટે એક સહાયક મતદાન મથકની અંદર જઈ શકશે.
- ગર્ભવતી મહિલા, અશક્ત, વિકલાંગ, બિમાર તથા સિનિયર સીટીઝનને મતદાન માટે અગ્રિમતા આપવામાં આવશે.
- મતદાન મથક પર દરેક મતદારે લાઈનમાં આવવાનું રહેશે.
- દૃષ્ટિહીન મતદારો માટે બ્રેઈલ લિપીમાં મતપત્ર રાખવામાં આવેલ છે.
- એક પુરૂષ મતદાર પછી બે મહિલા મતદારોને મતદાન મથકમાં મત આપવા જવા દેવામાં આવશે.
- મતદારોએ મત આપવા જતી વખતે ફોટો ઓળખકાર્ડ અથવા ભારતના ચૂંટણી પંચે માન્ય કરેલા ૧૧ દસ્તાવેજી પુરાવા પૈકી કોઈ પણ એક પુરાવો રજુ કરવાનો રહેશે.

મતદારોએ મતદાન મથકમાં નીચે મુજબની વર્તણૂક ન કરવી જોઈએ

- મતદાન મથકની અંદર કોઈપણ પ્રકારના હથિયાર સાથે પ્રવેશી શકાશે નહિ.
- મતદાન મથકમાં મદ્યપાન કે અન્ય નશીલા પદાર્થનું સેવન કરી પ્રવેશ કરી શકાશે નહીં.
- મતદાન મથકની અંદર મતદાર પોતાની સાથે અન્ય કોઈપણ વ્યક્તિને રાખી શકાશે નહીં.
- મતદાન મથકની અંદર કોઈ પક્ષ કે ઉમેદવારના કોઈપણ પ્રતીક સાથે પ્રવેશી શકાશે નહીં તેમજ કોઈ પક્ષના નામ, ઉમેદવારના નામ કે પ્રતિક સાથેના પહેરવેશ જેવા કે ટોપી, શાલ, વગેરે સાથે મતદાનમથકમાં પ્રવેશી શકાશે નહીં.
- મતદાન મથકની અંદર કેમેરા અથવા મોબાઈલ ફોન સાથે પ્રવેશી શકાશે નહીં.
- મતદાન મથકની અંદર મતદાર યાદીમાં નામ નોંધાયેલ ન હોય તેવી કોઈપણ વ્યક્તિ મતદાન મથકની અંદર પ્રવેશી શકશે નહિં.
- મતદાન મથકની અંદર કે પરિસરમાં કોઈપણ પ્રકારના સુત્રોચ્ચાર કરી શકાશે નહીં.
- મતદાનના દિવસે મતદાન પુરૂ થવાનો સમય એટલે કે સાંજે ૬.૦૦ કલાકે જેટલા મતદારો મત આપવાની લાઈનમાં હશે તેમને તેમના મત અધિકારનો ઉપયોગ કરવા દેવામાં આવશે.

ઊંઝાના કરણપુર દૂધ મંડળીમાં તસ્કરો ત્રાટક્યા

ઊંઝા, તા. ૨૫

તાલુકાના કરણપુરમાંઆવેલ દૂધ મંડળીના મકાનનુંતાળુ તોડીને અજાણ્યા તસ્કરોએતિજોરીમાંથી રૂ. ૨૬,૪૮પની રોકડની ઉઠાવી જવાની ઘટના બનવા પામી છે. ઊંઝા તાલુકાના કરણપુર ગામમાંઆવેલી દૂધ મંડળીના ઓફિસમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ ઓફિસમાં આવેલી તિજોરીને ટાર્ગેટ કરી હતી અને તેમાં પડેલી રૂ. ૨૬,૪૮૫ જેટલી રકમ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે તસ્કરોને પકડવા તજવીજ હાથ ધરી છે.

ગાંભોઈમાં શંકરસિંહની જાહેર સભા યોજાઈ

તલોદ, તા. ૨૫

સાબરકાંઠાના ગાંભોઈ મુકામે ક્ષત્રિય સંમેલનમાં સાબરકાંઠા લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ હજારોની જનમેદનીને સંબોધતા ભાજપ સરકાર સામે આકરા વાકબાણ છોડ્યા હતા. ગાંભોઈ મુકામે સભા સંબોધતા વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર, મહિલા જાસુસી, વેપારીઓની હત્યા વગેરે સામે ગંભીર આરોપો લાગ્યા છે. તેમ છતાં ભાજપ સરકાર ખોટી-ખોટી વિકાસની વાતો કરી લોકોને છેતરવાનુ કામ કરે છે. અને ગુજરાતમાં વિકાસની વાતો વાહીયાત છે જ્યારે જગદીશભાઈ ઠાકોરે પણ ભાજપ સરકાર અને તેના વહીવટ સામે પણ ઉગ્ર અને આકરા પ્રહારો કર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ મોઢવાડીયા, વિપુલ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, બળવંતસિંહ ઠાકોર, મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. અનિલ જોષીયારા તેમજ કોંગી ધારાસભ્યો આમંત્રીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



વૈષ્ણવ સંપ્રદાયનો અમર સંદેશ આપનાર શ્રી મહાપ્રભુનો ૫૩૭મો પ્રાગટ્ય મહોત્સવની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પુષ્ટિ માર્ગના પ્રાગટ્ય દિને પ્રાંતિજ શહેરમાં આવેલ મદન મોહનલાલ મંદિરેથી સમગ્ર વૈષ્ણવ સમાજ દ્વારા શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. (સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતે આજે મતદાર જાગૃતિ રેલી યોજાઈ હતી જેમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા કેળવણી નિરીક્ષક, આંગણવાડી બહેનો, વિવિધ શાળાઓના સભ્યો, જાયન્ટસ ગ્રૂપ વગેરે સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ખેડબ્રહ્મામાં ઠાકોર સમાજનો સમુહલગ્ન સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૫

વડાલી-ખેડબ્રહ્મા સત્તાવીસ ગોળ ઠાકોર સમાજ પ્રગતિ મંડળ દ્વારા સમાજનો ત્રીજો સમુહલગ્ન સમારંભ તથા સંબંધોત્સવનું ગુરૂવારે ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર પરિસરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ઠાકોર સમાજના સૌ આબાલવૃદ્ધે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમુહલગ્ન સમારંભમાં ૨૩ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. સમાજ તથા અન્ય સમાજમાંથી દાતાઓ તરફથી દાન તથા કન્યાદાનની સરવાણી વહી હતી. દાતાઓ તરફથી દરેક કન્યાઓને તિજોરી-પાનેતર - મા-માટલુ - તાંબાના લોટા - ચાંદીના સિક્કા - સ્ટીલનાં બેડાં સહીત ૩૩ જેટલી ઘરવખરીનો સામાન કન્યાદાનમાં આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઠાકોર સમાજ વિકાસ નિગમના ચેરમેન પુજાજી ઠાકોર, લોકસભાના ઉમેદવાર દીપસિહં રાઠોડ - રમીલાબેન બારા, સી.કે. પટેલ, નવઘણજી ઠાકોર, વિજયભાઈ એમ. પટેલ, થુરાવાસ તથા બાબુભાઈ એસ. પટેલ થુરાવાસ સહીત અન્ય મહેમાનોએ ઉપસ્થિત રહી નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા. સમુહલગ્નને સફળ બનાવવા પ્રગતિમંડળના પ્રમુખ પુજાજી એન. ઠાકોર, મંત્રી ડાહ્યાજી એમ. ઠાકોર, ગોવિંદજી એસ. ઠાકોર તથા સબંધોત્સવ સમિતિના પ્રમુખ ગણપતજી એસ. ઠાકોર તથા મંત્રી મુળજીભાઈ એસ. ઠાકોર સહીત સમગ્ર સમાજે જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કમા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧